રહેમિયત પેન્શનની લઘુત્તમ રકમ
નક્કી કરવા બાબત.

ગુજરાત સરકાર
નાણા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃનવન-૧૦૮૯-૪૧૩/૦૨-૩૩૮/પી,
સચિવાલય,ગાંધીનગર.
તા. ૦૪/૦૭/૨૦૧૭

**વંચાણે લીધાઃ**

(૧) નાણા વિભાગનો ઠરાવ ક્ર: પગર-૧૦૯૮-૬-મ, તા.૨૦/૧/૧૯૯૮
(૨) ગુજરાત મુલ્કી સેવા (પેન્શન) નિયમો, ૨૦૦૨ના નિયમ-૭૭ થી ૭૯.
(૩) નાણા વિભાગનો ઠરાવ ક્ર:પીજીઆર-૧૦૦૯-૫-પે સેલ, તા.૧૩/૪/૨૦૦૯
(૪) નાણા વિભાગનો ઠ.ક્ર:નવન-૧૦૮૯-૪૧૩/૦૨-૩૩૮/૧૦-પી,તા૨૫-૪-૧૧
(૫) નાણા વિભાગનો ઠરાવ ક્ર:પગર-૧૦૨૦૧૬/૬/પે-સેલ,તા.૧૫/૧૦/૧૬

**ઠ રા વ**

ગુજરાત મુલ્કી સેવા (પેન્શન) નિયમો ૨૦૦૨ ના નિયમ:૭૭-૭૮ અને ૭૯ અન્વયે રાજય સરકારની સેવામાંથી ફરજીયાત નિવૃત્ત કરાતા કે, સેવામાંથી રૂખસદ આપવામાં આવતા કર્મચારીને તેઓ માગણી કરે તો કેસના ગુણદોષને ધ્યાને લઈ સરકાર રહેમિયત પેન્શન મંજૂર કરી શકે છે અને આવા રહેમિયત પેન્શનના કેસોમાં નાણા વિભાગના વંચાણમાં લીધેલ ક્રમ-(૪) ઉપર દર્શાવેલા ઠરાવની જોગવાઈ મુજબ રહેમિયત પેન્શનની લઘુત્તમ મર્યાદા રૂ.૩૫૦૦/- નક્કી કરવામાં આવેલ છે.

સાતમા પગારપંચનો અમલ થતા સરકારશ્રીએ સંદર્ભિત ક્રમાંક:૫ પરના ઠરાવથી પેન્શનની લઘુત્તમ મર્યાદા રૂ.૩૫૦૦/-થી વધારીને રૂ.૯૦૦૦/-નક્કી કરેલ છે. આ લાભ રહેમિયત પેન્શન મેળવતા પેન્શનરોને પણ આપવા અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. આ બાબતે પુખ્ત વિચારણાને અંતે ગુજરાત મુલ્કી સેવા (પેન્શન) નિયમો, ૨૦૦૨ હેઠળ રહેમિયત પેન્શન મેળવતા પેન્શનરોને પણ **રૂપિયા ૯૦૦૦/-ની લઘુત્તમ** મર્યાદાનો લાભ આપવાનું સરકારે ઠરાવેલ છે.

આ ઠરાવનો અમલ તા.૧/૧/૨૦૧૬થી કરવાનો રહેશે. જેના તફાવતની રકમના ચૂકવણા માટે નાણા વિભાગના વંચાણે લીધેલ ક્રમ:૫ મા દર્શાવેલ ઠરાવ અને તે અન્વયે વખતો વખત નક્કી થયેલ જોગવાઈઓ અનુસારની રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(કે.કે.પટેલ)
નાયબ સચિવ (પેન્શન અને તિજોરી)

પ્રતિ,

- માનનીય રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- માન.નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય સચિવાલય, ગાંધીનગર.

- સર્વે માન.મંત્રીશ્રીઓ/રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ/સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. વિરોધ પક્ષના નેતાશ્રી ગુજરાત વિધાનસભા, સચિવાલય ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (નાણા)ના અગ્ર રહસ્ય સચિવશ્રી,નાણા વિભાગ.
- સચિવશ્રી (આ.બા.) ના રહસ્ય સચિવશ્રી સચિવાલય,ગાંધીનગર નાણા વિભાગ.
- સચિવશ્રી (ખર્ચ) ના રહસ્ય સચિવશ્રી સચિવાલય ગાંધીનગર નાણા વિભાગ.
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત હાઇકોર્ટ, સોલા, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- સચિવશ્રી, પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
- સચિવાલયના સર્વે વિભાગો, ગાંધીનગર.
- સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ અને સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી (ઓડીટ) અમદાવાદ/રાજકોટ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી (એ.એન્ડ ઈ) અમદાવાદ/રાજકોટ.
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરી નિયામકની કચેરી, ગાંધીનગર.
- નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી, ગાંધીનગર.
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી, ગાંધીનગર.
- નિયામકશ્રી, વીમા નિયામકની કચેરી, ગાંધીનગર.
- સર્વે ખાતાના વડાઓ / કચેરીના વડાઓ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
- સર્વે તિજોરી અધિકારીશ્રીઓ/ સર્વે પેટા તિજોરી અધિકારીશ્રીઓ.
- નાણા વિભાગના તમામ અધિકારીશ્રીઓ/ શાખાઓ.
- સીસ્ટમ મેનેજરશ્રી, નાણા વિભાગ - વેબસાઇટ ઉપર મૂકવા માટે.